

# ગુલબર્ગ કેસમાં નરેન્દ્ર મોદીને ક્લિનચીટ

**અમદાવાદ કોર્ટે ગુલબર્ગ હત્યાકાંડ કેસમાં સીટના અહેવાલને સ્વીકારી લીધો મોદીની સામે કોઈ પણ ફોજદારી કેસ બનતો નથી : સીટના વકીલનો દાવો**

અમદાવાદ,તા. ૨૬ ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને આજે મોટી રાહત થઈ હતી કારણ કે અમદાવાદની અદાલતે સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમ (સીટ)ના ક્લોઝર રિપોર્ટ સામે જાકિયા જાફરી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દીધી હતી. સીટના ક્લોઝર રિપોર્ટમાં ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ક્લીનચીટ આપવામાં આવી હતી. આ ઉપરાંત અન્ય ૫૭ને પણ આજે રાહત મળી હતી. વર્ષ ૨૦૦૨માં ગોધરા કાંડ બાદ ભડકી ઉઠેલી સાંપ્રદાયિક હિંસા દરમિયાન ગુલબર્ગ હત્યાકાંડ સર્જાઓ હતો. આ કેસના સંબંધમાં નરેન્દ્ર મોદીને સીટના અહેવલમાં ક્લીન ચીટ આપવામાં આવી હતી. એક લાઈનના આદેશમાં અમદાવાદ કોર્ટના મેજિસ્ટ્રેટ બીજે ગણાત્રાએ જણાવ્યુ હતુ કે સમગ્ર દેશમાં ભારે હાહાકાર મચાવી દેનાર ગુલબર્ગ હત્યાકાંડ કેસમાં કોર્ટ સીટના અહેવાલને સ્વીકારે છે. રસપ્રદ બાબત છે કે મેજિસ્ટ્રેટે કહ્યુ હતુ કે જાફરી વડી અદાલતમાં જઈ શકે છે. સીટના વકીલ આરએસ જામોરે કહ્યુ હતુ કે કોઈ પણ

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

જેની ભીંતર કોઇ પણ ઇચ્છા બાકી નથી, તેની બધી જ જરૂરિયાતો પ્રકૃતિ આપોઆપ પુરી કરે છે
- સુરેશ દલાલ

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૮૬ ૨૭ ડિસેમ્બર, ૨૦૧૩, શુક્રવાર; માગશર વદ - ૯ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# માણેકપુર ફલોરોસીસની બિમારીથી ત્રસ્ત

**માણસાના માણેકપુર ગામના પેયજળમાં ફલોરાઈડની માત્રા વધુ**
**૯ વર્ષના પાંચ જેટલા બાળકોને નાનપણથી દાંત જ ફુટયા નથી!!**

ગાંધીનગર, તા.૨૬

માણસા તાલુકાના માણેકપુર ગામમાં ૮ થી ૯ વર્ષની આયુ ધરાવતા પાંચથી સાત બાળકોને નાનપણથી આજ સુધી દાંત જ ફુટયા નથી અને આજ ગામના ગ્રામજનો ફલોરોસીસની અસંખ્ય બિમારીઓના ભોગ બન્યા છે.

આ કોઈ કાલ્પનિક વાત નથી પણ કડવું સત્ય છે અને તે પણ ગાંધીનગરની કે.બી. પટેલ ફાર્મસી કોલેજના વિદ્યાર્થીઓએ કરેલા સર્વેક્ષણમાં બહાર આવેલી સત્ય હકીકત છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પેયજળની ગુણવત્તાનો મુદ્દો પ્રશ્નાર્થ બની ઉભરી રહ્યો છે. માણસા તાલુકાનું માણેકપુર ગામ ફલોરોસીસની ગંભીર સમસ્યાનો સામનો કરી રહ્યું છે. આ હકીકત એક સંસ્થાના સર્વેમાં બહાર આવ્યા પછી પણ ઉપચારાત્મક પગલાં ના લેવાતાં ગ્રામજનો હાલ નોંધારા જેવા બની ગયા છે.

પેયજળની ગુણવત્તા અંગે વારંવાર અખબારી અહેવાલો પ્રસિધ્ધ થયા છે. જિલ્લામાં એકસોથી વધુ ગામો નર્મદાના પાણી લેવાની ના પાડી રહ્યા છે અને તેમાં પણ ભૂગર્ભ જળના વધુ પડતા ખેંચાણને કારણે જિલ્લાની પરિસ્થિતિ સતત કથળતી રહી છે.

માણસા તાલુકાનું માણેકપુર ગામ ગાંધીનગરથી ૧૭ કિ.મી.ના અંતરે આવેલું છે. આ ગામમાં પેયજળની ગુણવત્તા સામે ગંભીર પ્રશ્નાર્થ ઉભો થયો છે. પેયજળમાં ફલેરાઈડની માત્રા વધુ પડતી હોવાથી ગામમાં સાંધાના દુઃખાવા, કમરમાં દુઃખાવા સહિતની ગંભીર ફરિયાદો વ્યાપક પ્રમાણમાં ઉભી થવા પામી છે.

૨૦૧૧ના વર્ષમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલયની ગાંધીનગર સ્થિત ફાર્મસી કોલેજના વિદ્યાર્થીઓએ અહિ રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત એક કેમ્પ કર્યો હતો. તેમણે ગામનો સર્વે કરી એક રિસર્ચ પેપર તૈયાર કરી ગ્રામજનોની આ વેદનાને વાચા આપવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ ઉકેલ હજુ સુધી નહિ આવ્યાનું જણાયું છે.

બે વર્ષ બાદ અર્થાત્ પુનઃ આ જ ગામમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલયની રાષ્ટ્રીય સેવા યોજનાના વિદ્યાર્થીઓ પુનઃ કેમ્પ કરવા જાન્યુઆરીમાં જવાના છે.

પેયજળમાં ફલેરાઈડની વધુ પડતી માત્રાને કારણે ગામમાં બિમારીનું પ્રમાણ પણ વધુ જોવા મળી રહ્યું છે. માણસાથી માત્ર પાંચ કિ.મી.ના અંતરે આવેલા ગામમાં નર્મદાનું પાણી આપવું હોય તો પાઈપલાઈન નાખવી પડે તેમ છે.

● અનુસંધાન પાન-૭ પર



વાદળોથી ઘેરાયું આકાશ - ગાંધીનગરનું આકાશ આજકાલ વાદળોથી ઘેરાયેલું રહે છે. એટલે ઠંડીમાં રાહત અનુભવાય છે... વાતાવરણમાં બદલાવ વર્તાય છે.... ક્યાંક બેચેનીનો અહેસાસ થાય છે... પરંતુ આ વાદળા જ્યારે ફાટશે ત્યારે તીવ્ર ઠંડીનું મોજુ પુનઃ ત્રાટકશે.... (તસવીર : કશ્યન નિમાવત)

## NEWS બિટ્સ

**ગુજરાતમાં પરિવર્તન પાર્ટી અને આપ પાર્ટીના જોડાણની જોરદાર અફવા**



ચાર રાજયોની વિધાનસભાની ચુંટણી પછી દેશભરમાં રાજકીય પરિવર્તનોનો પવન ફુંકાયો છે. બદલાયેલા રાજકીય સમીકરણોમાં ગુજરાત પરિવર્તન પાર્ટી અને અરવિંદ કેજરીવાલની આમ આદમીપાર્ટી (આપ) હાથ મિલાવશે તેવી સંભાવના વ્યકત કરવામાં આવી છે. જાન્યુઆરી માસમાં 'આપ પાર્ટી' ગુજરાતમાં સક્રિય થશે તેવી અટકળો વહેતી થઈ છે. આ સંજોગોમાં ગુજરાતના કેટલાક નિવૃત્ત સરકારી અધિકારીઓ 'આપ' પાર્ટીમાં જોડાશે તેવી વાતો સાંભળવા મળી છે.

**● ચર્ચાસ્પદ પાકિસ્તાની અભિનેત્રી વીણા મલિકના નિકાહ**

બીગ બોસ સિરિઝના કારણે ભારતભરમાં ચર્ચાસ્પદ બનેલી પાકિસ્તાની અભિનેત્રી વીણા મલિકે



નિકાહ પઢી લીધા હોવાની વાત વહેતી થઈ છે. ૨૮ વર્ષીય અભિનેત્રીએ દુબઈના બિઝનેસમેન અસદ બશીરખાન સાથે લગ્ન કર્યા છે. અસદ ખાન સાથે તેના એરેન્જડ મેરેજ છે. તેનો પતિ દુબઈ અને અમેરિકામાં બિઝનેસ કરે છે અને તેના પિતાના મિત્રનો પુત્ર છે.

**કેસીનો કિંગ એડલ્સનની રોજની કમાણી રૂ. ૨૫૪ કરોડ**

અમેરિકાના શેર રોકાણકારો



માટે વર્ષ ૨૦૧૩નું વર્ષ ખુબ જ નસીબવંતુ પુરવાર થયું હતું. શેરબજારમાં કામકાજ કરતી લીસ્ટેડ કંપનીના પ્રમોટરો તથા રોકાણકારોને આકર્ષક લાભ મળ્યા હતા. ચાલુ વર્ષે સૌથી મોટો નાણાંકીય લાભ અમેરિકાના કેસીનો કીંગ શેલ્ડોન એડલ્સનને થયો છે. વર્ષ ૨૦૧૩માં તેઓએ રોજના ૪૧૦ લાખ ડોલર્સ એટલે કે રૂ. ૨૫૪૩ કરોડની કમાણી કરી હતી રોજની ૨૩૦ કરોડની કમાણી સાથે ફેસબુકના માર્ક ઝુકરબર્ગ બીજા સ્થાને છે.



કાંકરિયા કાર્નિવલમાં ભારે રોમાંચકતા જામી છે. શાળાના બાળકોએ આજે દિલ જીતી લીધા હતા.

# કાર્નિવલમાં સહેલાણીઓનો ધસારો

**વિવિધ કાર્યક્રમ આકર્ષણનું કેન્દ્ર રહ્યા : બાળકો દ્વારા પણ વિવિધ કાર્યક્રમો યોજાયા : ભવ્ય આતશબાજીનું આયોજન**

અમદાવાદ, તા.૨૬

કાંકરિયામાં કાર્નિવાલની શાનદાર ઉજવણી હાલમાં ચાલી રહી છે આજે બીજા દિવસે પણ મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. વિવિધ કાર્યક્રમોથી લોકો આશ્ચર્યચકિત થયા હતા. રંગારંગ કાર્યક્રમો અને શાનદાર આતશબાજીના નજારા જોવા મળ્યા હતા. કાર્નિવાલમાં હજુ મોટી સંખ્યામાં લોકો પહોંચે તેવી શક્યતા દેખાઈ રહી છે.

શહેરમાં કાંકરીયા ખાતે કાર્નિવલનો પ્રારંભ બુધવારના રોજથી થઈ ચૂક્યો હતો. જેમાં મહેસુલ મંત્રી આનંદીબેન પટેલે ખુલ્લો મુક્યો હતો તેમજ ૧૦૦થી વધુ બાળ કલાકારોએ તેનું નિદર્શન કર્યું હતું. કાંકરીયા કાર્નિવલનો એક દિવસ પૂર્ણ થતાં બીજા દિવસે કાર્નિવલની રંગત માણવા સહેલાણીઓનો વધારે ઘસારો જોવા મળ્યો હતો. જેમાં ગુજરાતી-હિન્દી પ્લે બેક સીંન્ગીંગ, નર્તન ડાન્સ એકેડમી દ્વારા ડાન્સનું આયોજન કરવામાં આવ્યું હતુ તેમજ ભારત ભક્તિ મહારાષ્ટ્રનો કાર્યક્રમ સ્ટેજ-૧માં યોજાયો હતો. આ ઉપરાંત સ્ટેજ-૨માં ભારત ભક્તિ-સિંધી, પ્રોફેશનલ ગ્રુપ અને સુંદરમનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો તેમજ સ્ટેજ-૩માં ડીફરલન્સી એબ્લડ બાળકો દ્વારા કાર્યક્રમ, પ્રાઈવેટ બેન્ડનો કાર્યક્રમ, ભારત ભક્તિ વેસ્ટ બંગાળ, ભારત ભક્તિ આંધ્રપ્રદેશનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રાત્રે કાર્નિવલમાં લેસર-શો તથા ભવ્ય આતશબાજીને કારણે આખું તળાવ રંગબેરંગી બની ગયું હતું. દરમિયાન સાત દિવસ ચાલનાર કાર્નિવલમાં રોજેરોજ રંગારંગ કાર્યક્રમો અને વિવિધ સ્પર્ધાઓ યોજાશે. જેમાં આવતીકાલે ૨૭મી

● અનુસંધાન પાન-૭ પર

# હવે, મિશન ગુણોત્સવ

**જિલ્લા શિક્ષણ સમિતિએ શાળાકીય શિક્ષણના સ્તરને સુધારવા તેમજ ગ્રેડેશનના અપગ્રેડેશન માટે કરેલો નિર્ણય**

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં અપાતા શિક્ષણની સેવાઓને વધુ ગુણવત્તાસભર બનાવવા માટે પંચાયતની શિક્ષણ સમિતિએ મિશન ગુણોત્સવ અભિયાન હાથ ધરવાનો નિર્ણય કર્યો છે.

પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી બહાદુરસિંહ સોલંકીએ મિશન ગુણોત્સવના આયોજનને લઈ એક ખાસ પરિપત્ર પણ બહાર પાડી દીધો છે. આ મિશન ગુણોત્સવની અમલવારી તાત્કાલિક અસરથી કરવામાં આવશે તેમ પણ તેમણે જણાવ્યું હતું.

મિશન ગુણોત્સવમાં ઓબ્ઝર્વેશન માટે ટીમોની રચના કરવામાં આવી રહી છે. આ ટીમો દ્વારા સર્વગ્રાહી મૂલ્યાંકન થઈ શકે તે માટે ગુણોત્સવના મુલ્યાંકનની જેમ એક અલાયદુ ચેકલીસ્ટ પણ તંત્ર દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે.

મિશન ગુણોત્સવ અંતર્ગત દરેક તાલુકાની છ પ્રા. શાળાઓને અલગ તારવી અને તે શાળાઓના સન્માનની પણ વિચારણાના વિકલ્પ પર થઈ રહી હોવાનું જાણવા મળેલ છે.

મિશન ગુણોત્સવ અંતર્ગત દરરોજ બપોરે ૩ થી ૫ દરમિયાન વાંચન-લેખનનો ગણન માટે વિદ્યાર્થીઓને ખાસ શિક્ષણ આપવામાં આવશે. ધો-૧ થી ૫ના બાળકોને આ અભિયાનમાં આવરી લેવાના રહેશે.

ધો-૫ થી ૮ના બાળકો માટે ગણિત-વિજ્ઞાન અને ભાષાના વિષયનો વિશેષ અભ્યાસ કરાવી અને આ બાળકોના મૂલ્યાંકન માટે ખાસ કવીઝ કસોટીઓ સમયાંતરે શાળાઓ યોજી તેની રિઝલ્ટ શીટ જમા કરાવવાની રહેશે.

ગત વર્ષે જિલ્લા તંત્ર એ પ્રિ-ગુણોત્સવનું આયોજન કર્યું હતું. આ પછી પરિણામમાં થયેલા નોંધપાત્ર સુધારાને ધ્યાને લઈ હવે મિશન ગુણોત્સવનું આયોજન કર્યું છે.

આ મિશન ગુણોત્સવ માટેની તૈયારીઓ થઈ ચુકી છે. તેમજ આ ગુણોત્સવ શાળાના ગ્રેડેશનમાં સુધારો થાય તે માટે હાથ ધરવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે.

# ૧૯મીએ પલ્સ પોલિયો અભિયાન

**જિલ્લાના ૦ થી ૫ વર્ષના બે લાખ જેટલા બાળકોને આવરી લેવાશે : આયોજન અંગે આજે ખાસ વર્કશોપ**

ગાંધીનગર, તા.૨૬

આગામી ૧૯મી જાન્યુઆરીના રોજ જિલ્લાના બે લાખ જેટલા ૦ થી ૫ વર્ષની આયુ ધરાવતા બાળકોને પોલિયોના બે ટીપાં પીવડાવવામાં આવશે.

જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા પલ્સ પોલિયો અભિયાનના આયોજનમાં વ્યસ્ત બન્યું છે. જિલ્લામાં ચાર જેટલા હાઈરીસ્ક વિસ્તારો પોલિયો માટેના હોવાનું જાણવા મળેલ છે. જેમાં એક ગાંધીનગર તાલુકામાં, ૧ કલોલમાં અને બે માણસા તાલુકાના વિસ્તારો હોવાનું મનાઈ રહ્યું છે. જો કે ગાંધીનગર તેમજ જિલ્લામાં કન્સ્ટ્રક્શન સાઈટો જે રીતે વધી છે તે જોતાં આ વખતે હાઈરીસ્ક વિસ્તારોની સંખ્યામાં વધારો થાય તેવી શકયતાઓ જણાઈ રહી છે.

ગત વર્ષે જિલ્લામાં પલ્સ પોલિયો અભિયાન અંતર્ગત ૧ લાખ ૮૬ હજારથી વધુ બાળકોને આવરી લેવામાં આવ્યા હતા. તંત્રએ ગત વર્ષે પલ્સ પોલિયોના ત્રિ દિવસીય અભિયાનમાં પ્રથમ જ દિવસે ૮૫ ટકા સિધ્ધિ મેળવી હોવાનો દાવો તંત્રના અધિકારીઓ કરી રહ્યા છે. જિલ્લાના આરોગ્ય તંત્ર દ્વારા આ નવા પલ્સ પોલિયો અભિયાનના આયોજનને લઈ આજે એક ખાસ વર્કશોપનું આયોજન કરાયુંછે. જેમાં નવા આયોજન અંગે ચર્ચા વિચારણા થશે. આ આયોજનમાં હાલ જે વિચારણા કરાઈ છે તેમાં ૬૫ જેટલી મોબાઈલ ટીમો બનાવવાનું આયોજન છે. ચાર હજારથી પણ વધુ કર્મચારીઓ આ અભિયાનમાં જોતરાવાના હોવાથી તંત્ર માઈક્રોપ્લાનીંગને આજના વર્કશોપ બાદ આખરી ઓપ આપશે.

પલ્સ પોલિયો અભિયાનમાં બાળકના ડાબા હાથની આંગળી પર અવિલોપ્ય શાહીથી ખાસ નિશાની

● અનુસંધાન પાન-૭ પર




ગુજરાત સરકાર તથા બેંકમાં નોકરી માટે વિશાળ ભરતી
તલાટી-૩૧૦૦ જગ્યાઓ
GPSC-વર્ગ-1-2, કુલ 800 જગ્યાઓ
Bank Clerk અને Officer માટેની 20,000 જગ્યાઓ માટે
Free માર્ગદર્શક સેમિનાર
સેમિનાર તારીખ : ૨૯-૧૨-૨૦૧૩, રવિવાર
સમય : સવારે ૧૦-૦૦ વાગ્યે
નિષ્ણાત તથા GPSC-UPSCમાં સફળ અધિકારીઓ દ્વારા માર્ગદર્શન
શિલ્પ CAREER ACADEMY
તૃપ્તિ આઈસ્ક્રીમ પાર્લર સામે, Axis Bank ઉપર, સેક્ટર-૧૬, ગાંધીનગર
Contact : 94269 44899, 99985 75255
ફોનથી રજીસ્ટ્રેશન કરાવવું




